Volume : 11
Issue : 009
Dt.: 09-05-2025
FRIDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR | Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

ભારતે આખે આખી પાકિસ્તાનની ડિફેન્સ સિસ્ટમ જ ઉડાવી દીધી

# પાકિસ્તાનનો ભુજ સહિત ૧૫ શહેરો પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ

## ભારતના હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું , પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે

(SSS) નવી દિલ્હી

૭ મે, ૨૦૨૫ના રોજ પાકિસ્તાને રાત્રે ગુજરાતના ભૂજ સહિત ભારતના અનેક શહેરો અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, અમદાવાદ, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલોદી અને ઉત્તરલાઈ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. ભારતીય સેનાએ આ હુમલાને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર યુએએસ ગ્રિડ અને એર ડિફેન્સ સિસ્ટમે આ હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા હતી. બીજા દિવસે સવારે, ભારતીય સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. તેમણે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ એર ડિફેન્સ રડાર અને સિસ્ટમ પર હુમલો કર્યો હતો. આ જવાબ પાકિસ્તાનની તીવ્રતા જેટલો જ હતો, પણ ભારતે સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, અમારો પ્રતિભાવ ફક્ત સંયમિત છે." ભારતે એ પણ જણાવ્યું કે, પાકિસ્તાને ભારતીય સેનાના લક્ષ્યોને નિશાન નથી બનાવ્યા, પણ જો ભવિષ્યમાં આવું થશે, તો ભારત યોગ્ય જવાબ આપશે. આ ઘટનાની વચ્ચે, પાકિસ્તાને લાઈન ઓફ કંટ્રોલ (IOc) પર મોર્ટાર અને ભારે આર્ટિલરીથી ગોળીબાર વધારી દીધો હતો. કુપવાડા, બારામુલ્લા, ઉરી, પૂંછ, મેંઢર અને રાજૌરી જેવા વિસ્તારોમાં તીવ્ર ગોળીબાર થયો હતો. આ હુમલામાં ૧૬ નિર્દોષ લોકોના જીવ ગયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટનાએ ભારતને દુઃખી કરી દીધું, પણ ભારતે હજી પણ ધીરજ રાખી હતી. તેમણે પાકિસ્તાનના આ ગોળીબારને રોકવા માટે પ્રતિભાવ આપ્યો અને સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, પણ જો પાકિસ્તાને આ રીતે હુમલા ચાલુ રાખ્યા, તો અમે પણ યોગ્ય જવાબ આપીશું." આ ઘટના દરમિયાન, ભારતે "ઓપરેશન સિંધુર" નામની એક ખાસ કાર્યવાહી હાથ ધરી હતી. ૭ મે, ૨૦૨૫ના રોજ એક પ્રેસ બ્રીફિંગમાં, ભારતે આ ઘટનાઓની વિગતો જાહેર કરી અને વિશ્વને બતાવ્યું કે, તે શાંતિ ઈચ્છે છે, પણ પોતાની સુરક્ષા માટે કડક પગલાં લેવામાં પણ પાછીપાની નહીં કરે. અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં હાજર ચીનની HQ-9 મિસાઈલ સિસ્ટમને ભારે નુકસાન થયું છે. ચીનમાં ઉત્પાદિત આ લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમને પાકિસ્તાનના બહુ-સ્તરીય સંરક્ષણ નેટવર્કનો મુખ્ય ભાગ માનવામાં આવે છે. ભારતના ચોકસાઈવાળા હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે મુખ્ય આગળના સ્થળોએ પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે. પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતે પાકિસ્તાનની રડાર સિસ્ટમનો નાશ કરીને તેના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. HQ-9 એ ચાઈના પ્રિસિઝન મશીનરી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કોર્પોરેશન (CPMIEC) દ્વારા વિકસિત સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ (SAM) સિસ્ટમ છે. આ મિસાઈલ સિસ્ટમને ચીનની લશ્કરી ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે અને પાકિસ્તાને તેને ૨૦૨૧ માં તેની સેનામાં સામેલ કરી હતી. પાકિસ્તાને આ સિસ્ટમ અપનાવી, કારણ કે તે ભારતના આધુનિક હવાઈ યુદ્ધ સાધનો વિશે ચિંતિત હતું. ભારતના રાફેલ ફાઈટર જેટ, સુખોઈ Su-30MKI અને બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ જેવા શસ્ત્રો પાકિસ્તાન માટે એક મોટો પડકાર છે. આને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાને HQ-9 જેવી સિસ્ટમ પર વિશ્વાસ વ્યક્ત કર્યો, જે હવે ભારતીય હુમલામાં નાશ પામી છે. સરહદ પર ફાયરિંગ સતત થઈ રહ્યું છે. કુપવાડા, બારામુલા, પુંછ, મેંઢર, રાજોરી જેવા ક્ષેત્રમાં પાકિસ્તાને મોર્ટાર અને હેવી આર્ટિલરીથી ગોળીબારી કરી છે. આ નાપાક ફાયરિંગમાં ૧૬ ભારતીય નિર્દોશ નાગરિકોના મોત થયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકો સામેલ છે. ભારતનો સંદેશ સ્પષ્ટ છે કે અમે escalation નથી ઈચ્છતા, પરંતુ જવાબ આપતા આવડે છે. ભારતીય સેનાએ ફરી સ્પષ્ટ કર્યું કે ભારત યુદ્ધ ઈચ્છતું નથી. પરંતુ જો સૈન્ય કેમ્પ કે નાગરિકો પર હુમલા થાય છે તો ભારત જવાબ આપવામાં પાછળ હટશે નહીં. આ કારણ છે કે એલઓસી પર પાકિસ્તાની ગોળા-બારૂદનો જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે. આજે સવારે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘણા સ્થાનો પર વાયુ રક્ષા રડાર અને સિસ્ટમને નિશાન બનાવી. ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાનની સમાન તીવ્રતા સાથે તે ક્ષેત્રમાં રહી છે. જાણકારી અનુસાર લાહોરમાં એક એર સિસ્ટમને નિષ્ક્રિય કરી દેવામાં આવી છે.

ઓપરેશન સિંદૂર પર જયશંકરે પાકિસ્તાનને આપી ચેતવણી

# ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ જ છે : કિરેન રિજિજુ

## જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો : આનો જવાબ અપાશે



(SSS) નવી દિલ્હી

સર્વપક્ષીય બેઠકમાંથી બહાર આવતા જ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જે નિવેદન આપ્યું તેનાથી પાકિસ્તાનની ચિંતા વધારી દીધી હશે. રિજિજુએ કહ્યું છે કે, 'ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે.' તેના થોડા સમય પછી ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો કે જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો. આનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીની સામે કહ્યું કે, તમે એવા સમયે ભારત આવ્યા છો જ્યારે અમે ૨૨ એપ્રિલે ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા બર્બર હુમલાનો જવાબ આપી રહ્યા છીએ. આ હુમલાએ અમને ૭ મેના રોજ સરહદ પાર આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને જવાબ આપવા માટે મજબૂર કર્યા. જયશંકરનું ઈરાની સમકક્ષને આ ખુલ્લેઆમ માઈકની સામે જાણકારી આપવી મહત્વપૂર્ણ છે. વિદેશ મંત્રીએ ઈરાનની સાથે-સાથે પાકિસ્તાન અને તેના સહાનુભૂતિ ધરાવતા દેશોને પણ સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, અમારો પ્રતિક્રિયા ટાર્ગેટેડ અને માપેલ હતો. અમારો ઈરાદો પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો નથી. આ પછી જયશંકરે કહ્યું કે, જો આપણા પર લશ્કરી હુમલો થાય છે, તો કોઈને શંકા ન હોવી જોઈએ કે તેનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. ભારતીય વિદેશ મંત્રીએ સૈયદ અબ્બાસને કહ્યું કે, એક પાડોશી અને નજીકના ભાગીદાર તરીકે આ મહત્વપૂર્ણ છે કે તમને પરિસ્થિતિની સારી સમજ હોય. આ પહેલા કેન્દ્ર સરકારે ગુરુવારે ઓપરેશન સિંદૂર વિશે જાણકારી આપવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠક અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કરી હતી. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરને સફળતાપૂર્વક અંજામ આપીને પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. ભારતીય સેનાએ જણાવ્યું કે, આતંકવાદીઓના આ તમામ ઠેકાણાઓને તબાહ કરવામાં આવ્યા છે.

## ટેન્કર અને પોલીસ વાહન વચ્ચે ટક્કરમાં પાંચના મોત

(SSS) અલીગઢ

ઉત્તર પ્રદેશમાં અલીગઢના ફિરોઝાબાદની પોલીસ ટીમ મુઝફ્ફરનગરમાં એક કેદીને પોલીસ વાનમાં કોર્ટ લઈ જઈ રહી હતી. ગુરુવારે સવારે લગભગ ૮:૩૦ વાગ્યે અલીગઢ જિલ્લાના લોઢા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાયપાસ હાઈવે પર ચિકાવતી વળાંક પર આ પોલીસ વાન પાર્ક કરેલા કેન્ટર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં એક સબ-ઈન્સ્પેક્ટર, આરોપી અને ત્રણ પોલીસકર્મીઓ સહિત પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમજ એક પોલીસકર્મી ઘાયલ થયો છે. માહિતી મળતાં જ અલીગઢ પોલીસ અધિકારીઓ ફોર્સ અને ક્રેન સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા.

પાક. આર્મીના વાહનને નિશાન બનાવાયું

# બલૂચ બળવાખોરોએ પાકિસ્તાનમાં કર્યો મોટો હુમલો, સાતના મોત

## છેલ્લા ૨૪ કલાકમાં બલૂચ બળવાખોરો દ્વારા પાકિસ્તાન સેના પર આ બીજો મોટો હુમલો હતો, જેમાં ૭ સૈનિકો માર્યા ગયાનો દાવો કરવામાં આવ્યો છે

(SSS) ઈસ્લામાબાદ

એક તરફ ભારતીય સૈન્ય તો બીજી તરફ બલૂચ બળવાખોરો પાકિસ્તાન માટે માથાનો દુઃખાવો બની ગયા છે. ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર બાદ બલૂચ બળવાખોરોએ ફરી એકવાર પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં બલૂચ બળવાખોરો દ્વારા પાકિસ્તાન સેના પર આ બીજો મોટો હુમલો હતો, જેમાં ૭ સૈનિકો માર્યા ગયાનો દાવો કરવામાં આવ્યો છે.અહેવાલો અનુસાર, આ હુમલો બોલાનના મચ્છકુંડમાં કરવામાં આવ્યો હતો. બલૂચ લિબરેશન આર્મીના સ્પેશિયલ ટેક્ટિકલ ઓપરેશન્સ સ્કવોડએ પાકિસ્તાની આર્મીના વાહનને નિશાન બનાવીને હુમલો કર્યો. પાકિસ્તાની સેનાના વાહનને રિમોટનો ઉપયોગ કરીને ઉડાવી દેવામાં આવ્યું. આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો હતો, જ્યારે પાકિસ્તાની સેના લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહી હતી. આ હુમલામાં ૭ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાનું કહેવાય છે.આ પહેલા પણ મ્ન્છએ પાકિસ્તાની સેના પર હુમલો કર્યો હતો, જેમાં ઘણાં પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. આ હુમલો કેચ જિલ્લાના કિલાગ વિસ્તારમાં થયો હતો, જ્યાં પાકિસ્તાની સેનાની એક ટીમને નિશાન બનાવવામાં આવી હતી. બલૂચિસ્તાન અંગે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શાહિદ ખાકાન અબ્બાસીએ કહ્યું હતું કે, 'બલૂચિસ્તાન એક જંગલી ઘોડા જેવું છે, જેના પર હવે પાકિસ્તાનનું કોઈ નિયંત્રણ નથી અને તે રાત્રે વધુ જંગલી બની જાય છે.'

ખૂબ થઈ રહી છે ચર્ચા

## ઓપરેશન સિંદૂરના દિવસે જન્મેલી દીકરીનું નામ સિંદૂરી રખાયું

(SSS) પટણા

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુલમાના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે. ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર ભારતે મિસાઈલ હુમલા કર્યા હતા. જ્યારે આ મામલે ભારતીય સેનાની બહાદુરીની દેશભરમાં પ્રશંસા થઈ રહી છે, ત્યારે ઓપરેશન સિંદૂરના દિવસે દીકરીનો જન્મ થતાં બિહારના કટિહારમાં એક શખ્સે પોતાની નવજાત બાળકીનું નામ સિંદૂરી રાખ્યું હોવાનું સામે આવ્યું છે. બિહારના કુર્સેલાના રહેવાશી સંતોષ મંડલ અને રાખી કુમારીએ તેમની દીકરીનું નામ સિંદૂરી રાખ્યું છે. ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા ઓપરેશન સિંદૂરના દિવસે જ બાળકીનો જન્મ થતાં પરિવારે આ ઐતિહાસિક દિવસને દીકરીના નામ સાથે જોડી દીધુ હતુ. સિંદૂરીના પિતાએ કહ્યું હતું કે, અમારી દીકરી દેશની જીતના દિવસે આવી, એટલે પરિવારને આ દિવસ એટલો ખાસ લાગ્યો કે દીકરીનું નામ સિંદૂરી રાખ્યું. આ અમારા માટે ગર્વ અને સોભાગ્યની વાત છે. દીકરીના નામને લઈને નાના કુંદન મંડલે કહ્યું કે, એક તરફ પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈકની જીત અને એજ દિવસે દીકરીનો જન્મ થયો. આ બંને અમારા માટે ગૌરવની વાત છે.

PSLની આજની મેચ રદ કરવી પડી

# પાકિસ્તાનના રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમના ભુક્કા કાઢી નાખ્યા

## રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર ડ્રોનથી હુમલો થયો છે

(SSS) લાહોર

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર અંતર્ગત કાર્યવાહી કરી. ત્યાર બાદ પાકિસ્તાને ભારતના ૧૫ શહેરો પર હુમલાની કોશિશ કરી, પણ ભારતની જી-૪૦૦ વાયુ રક્ષા પ્રણાલીએ આ હુમલાને નિષ્ફળ કરી દીધા. આ દરમ્યાન મોટા સમાચાર આવી રહ્યા છે કે રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર ડ્રોનથી હુમલો થયો છે. આ સ્ટેડિયમમાં આજે રાત્રે ૮ વાગ્યે પાકિસ્તાન સુપર લીગની મેચ રમાવાની હતી, જેને પેશાવર અને કરાચીની ટીમે આમને સામને રમવાની હતી. રાવલપિંડીમાં આવેલા સ્ટેડિયમ પર પાકિસ્તાન સુપર લીગની બાકી મેચ કરાચીમાં શિફ્ટ કરી દીધી છે. બુધવારે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં આયોજીત પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની એક ઈમરજન્સી બેઠક દરમ્યાન આ નિર્ણયને અંતિમ રૂપ આપવામાં આવ્યું. તેમાં પીએસએલમાં સામેલ ટીમોના માલિકો અને એજન્સીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૭ અને ૮ મેની વચ્ચે રાત્રે પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલ દ્વારા અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જાલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલૌદી, ઉત્તરલાઈ અને ભુજ સહિત ઉત્તરી અને પશ્ચિમી ભારતમાં કેટલાય સ્થળો પર ટાર્ગેટ બનાવ્યો હતો. આ હુમલામાં ફરી એક વાર ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. આવી જ રીતે રાવલપિંડી સહિત પાકિસ્તાનના કેટલાય મોટા શહેરો પર ભારતે હુમલો કરી તેની એર ડિફેન્સ સિસ્ટમના ભુક્કા બોલાવી દીધા.

ઓપરેશન સિંદૂર: કંધાર હાઈજેકનો બદલો લીધો

# પાકિસ્તાની આતંકી અબ્દુલ રઉફ અઝહર માર્યો ગયો

## આ એ જ અબ્દુલ રઉફ અઝહર છે જે વર્ષોથી પાકિસ્તાનમાં છૂપાયેલો બેઠો હતો અને ભારત વિરુદ્ધ ઝેર ઓકતો હતો

(SSS) નવી દિલ્હી

એવું લાગે છે કે આતંકવાદી પર હવે ભારતીય સેના આરપારના મૂડમાં છે. સરકારે કહી દીધુ છે કે ઓપરેશન સિંદૂર હજું ચાલુ છે. આ કડીમાં એક વધુ મોટા આતંકીનું કામ તમામ થઈ ગયું હોવાની ખબરો આવી રહી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ કંધાર હાઈજેકમાં સામેલ રહેલો આતંકી અબ્દુલ રઉફ અઝહર ગંભીર રીતે ઘાયલ થયો છે. આ એ જ અબ્દુલ રઉફ અઝહર છે જે પાકિસ્તાનમાં છૂપાયેલો હતો અને છાશવારે ભારત સામે ઝેર ઓકતો હતો. પરંતુ ભારતીય સેનાએ હવે તેનું કામ તમામ કરી દીધુ છે. તેના પર જલદી વધુ અપડેટ આવી શકે છે. મળતી માહિતી મુજબ અબ્દુલ રઉફ અઝહર કમાન્ડર મસૂદ અઝહર જૂથનો છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવાય છે કે તે મસૂદ અઝહરનો ભાઈ છે. એક રિપોર્ટ મુજબ અઝહર લાંબા સમયથી આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદનો બીજો સૌથી મોટો વડો બની બેઠો હતો. તે રિપોર્ટમાં કહેવાયું હતું કે તે મસૂદ અઝહરનો નાનો ભાઈ છે. રઉફને પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું પણ લાંબા સમયથી સંરક્ષણ મળેલું હતું. તે રાવલપિંડી સહિત પાકિસ્તાનમાં ખુલ્લેઆમ સક્રિય રહ્યો છે. અમેરિકાએ ૨૦૧૦માં તેના પર પ્રતિબંધ લગાવ્યા અને ભારતે તેને સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક આતંકીઓની સૂચિમાં સામેલ કરવાની વારંવાર કોશિશ કરી જેને ચીને વીટો કર્યો હતો. એટલું જ નહીં આ રઉફ અઝહર ૧૯૯૯ના કંધાર nkEsuf IC-814 નો માસ્ટરમાઈન્ડ પણ હતો જેમાં ઈન્ડિયન એરલાઈન્સના વિમાનને કાઠમંડુથી દિલ્હી જતી વખતે હાઈજેક કરાયું હતું. આ હાઈજેકનો હેતુ તેના ભાઈ મસૂદ અઝહરને ભારતીય જેલમાંથી છોડાવવાનો હતો. રઉફે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે મળીને આ ષડયંત્રને અંજામ આપ્યો હતો. જ્યારે ભારતીય વિમાનને અમૃતસર, લાહોર, દુબઈ થઈને કંધાર લઈ જવાયું હતું. હાઈજેકર્સે ૧૭૬ મુસાફરો અને ૧૫ ક્રૂ મેમ્બર્સના બદલે મસૂદ અઝહર, મુશ્તાક ઝરગર અને ઉમર શેખના છૂટકારાની માંગણી કરી.

અથડામણમાં ૫ જવાન શહીદ

# છત્તીસગઢના સુકમામાં સુરક્ષા દળોએ ૮ નક્સલોને ઠાર માર્યા

(SSS) સુકમા

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા હતા. જેના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે. આ ઓપરેશન અંતગર્ત ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ હુમલા કર્યા હતા. જ્યારે છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોએ બે ડિવિઝનલ કમિટીના સદસ્ય સહિત ૮ નક્સલીઓને ઠાર માર્યા છે. સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણમાં તેલંગણાની ગ્રીન ફાયટર ટીમના ૫ જવાનો શહીદ થયા હોવાનું સામે આવ્યું છે. છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ એન્કાઉન્ટર તેલંગણા, છત્તીસગઢ અને મહારાષ્ટ્રની બોર્ડરના સંગમ પર સ્થિત કરીગુટ્ટા પહાડી વિસ્તારમાં થયું હતું. આ ઓપરેશનમાં સુકમા પોલીસ અને અન્ય સુરક્ષાદળો પણ સામેલ હતા. ગુપ્ત માહિતી મળતાની સાથે સુરક્ષાદળો દ્વારા ઓપરેશન હાથ ધરાયું હતું. જેમાં કરીગુટ્ટા પહાડી ક્ષેત્ર નક્સલીઓનું ઠેકાણું છે, ત્યારે નક્સલીઓની ગતિવિધિઓની રોકવા અને આતંકીઓ ઠાર કરવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું. સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટરમાં ભારે ગોળીબાર થઈ હતી, જેમાં સુરક્ષાદળોએ નક્સલીઓના ઘરનો ઘેરાવો કરી લીધો હતો. આ ઓપરેશનમાં નક્સલીઓને ભારે નુકસાન પહોંચ્યું હતું. જ્યારે આ એક્રાઉન્ટરમાં તેલંગણાની ગ્રીન ફાયટર ટીમના ૫ જવાનો શહીદ થયા હતા. સુકમા પોલીસે જણાવ્યું હતું કે, હાલના ધોરણે આ વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણમાં છે અને શાંતિ જાળવવામાં આવી છે. જ્યારે ૭ મેના રોજ છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર બીજાપુર જિલ્લાના કરીગુટ્ટા હિલ્સના જંગલોમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. જેમાં ગત ૨૧ એપ્રિલથી 'ઓપરેશન સંકલ્પ' હેઠળ કરવામાં આવેલી કાર્યવાહીમાં સુરક્ષાદળોએ અત્યારસુધીમાં ૨૨થી વધુ નક્સલીઓને ઠાર માર્યા હતા, ત્યારે નક્સલવાદીઓ સામેનું અત્યાર સુધીનું આ સૌથી મોટું ઓપરેશન માનવામાં આવે છે. આ ઓપરેશનમાં જિલ્લા રિઝર્વ ગાર્ડ, બસ્તર ફાઈટર્સ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને કોબ્રા યુનિટના જવાનો સહિત લગભગ ૨૪૦૦૦ સુરક્ષાકર્મીઓ સામેલ છે. એક્રાઉન્ટર દરમિયાન ડ્રોનની મદદથી નક્સલીઓની હાજરીની પુષ્ટિ કરવામાં આવી હતી.

# તંત્રી લેખ

## આકાશમાંથી આફત વરસી

સમગ્ર ગોહિલવાડમાં સતત ત્રીજા દિવસે આકાશમાંથી આફત વરસી હતી. ભાવનગર શહેરમાં બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે સવારથી લઈ બપોર સુધીમાં ધોધમાર ત્રણ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો હતો. તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે અડધોથી બે ઈંચ પાણી પડયું હતું. ત્રણ દિવસથી મેઘરાજાએ જિલ્લાને ધમરોળ્યું હોય, માવઠાંથી તારાજી જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. દરમિયાનમાં આજે ગુરૂવારે પણ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ભાવનગર શહેરમાં મધરાત્રિના સમયે મિની વાવાઝોડા સાથે વરસાદ વરસ્યા બાદ આજે બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે વહેલી સવારે આઠ કલાક બાદ મેઘરાજાએ પુનઃ આગમન કરી ધોધમાર વરસાદ વરસાવવાનું શરૂ કર્યું હતું. માત્ર બે કલાકની અંદર જ સવા બે ઈંચ પાણી ખાબકી ગયા બાદ બપોરે ૧૨:૩૦ કલાક સુધી ધીમીગતિએ વધુ એક ઈંચ જેટલો વરસાદ થતાં શહેરમાં કુલ ત્રણ ઈંચ પાણી વરસ્યું હતું.બપોરે બે કલાક બાદ ઉઘાડ નીકળતા શહેરીજનોને ત્રણ દિવસ બાદ સૂર્યનારાયણના દર્શન થયા હતા. ગારિયાધારમાં બપોરે વીજળીના કડાકા-ભડાકા સાથે ૨૪ મિ.મી. વરસાદ ખાબક્યો હતો. તો, તાલુકાના પરવડી, નાની-મોટી વાવડી, પચ્છેગામ સહિતના ગ્રામ્ય પંથકમાં પણ વરસાદના વાવડ છે. જ્યારે ઉપરવાસમાં પણ ધોધમાર વરસાદ થતાં લુવારા ગામ પાસે આવેલી શેત્રુંજી નદીમાં નવા નીરની આવક થઈ હતી. સિહોરમાં સવારથી બપોર સુધીમાં મેઘગર્જના સાથે ધીમીધાર અને ઝાપટાં સ્વરૂપે અડધો ઈંચ વરસાદ બાદ ઉઘાડ નીકળ્યો હતો. જયારે, મહુવામાં મંગળવારે સાત ઈંચ વરસાદ બાદ આજે સવારે સાંજે ઝાપટાં સ્વરૂપે ૧૪ મિ.મી.વરસાદ વરસ્યો હતો.વીજ તંત્રની ઘોર બેદરકારીના કારણે સાંજે સુધી ખોરવાયેલો વીજ પુરવઠો પૂર્વવત થયો ન હતો. તો, પાલિતાણામાં સતત ત્રીજા દિવસે ધોધમાર એક ઈંચ વરસાદ બાદ વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ ખમૈયા કર્યા હતા. વરસાદના આગમનને પગલે થોડીવાર માટે વીજળી ડૂલ થઈ ગઈ હતી. ઉમરાળામાં સવારે ધીમીધારે અડધો ઈંચ વરસાદ વરસ્યા બાદ આખો દિવસ વરસાદી વાતાવરણ રહ્યું હતું.

### સેટેલાઈટથી ચાલશે હવે ઈન્ટરનેટ

# ઈલોન મસ્કની સ્ટારલિંકને મળી સરકારની મંજૂરી

## રિપોર્ટ મુજબ સ્ટારલિંકને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યો છે



(SSS) વોશિંગ્ટન

ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરવા માટે ઈલોન મસ્કની સ્ટારલિંકને સરકારની મંજૂરી મળી ગઈ છે. એક રિપોર્ટ મુજબ સ્ટારલિંકને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યો છે. જોકે આ લેટરમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે હજી તેમને ફાઈનલ લાઈસન્સ આપવામાં નથી આવ્યું. એ પરવાનગી ત્યારે જ આપવામાં આવસે ત્યારે લાયસન્સ માટેની તમામ શરતો પૂરી કરવામાં આવશે.

એક સરકારી ઓફિસર દ્વારા મની કન્ટ્રોલને કહેવામાં આવ્યું હતું કે સ્ટારલિંકને GMPCS, VSAT અને ISP લાયસન્સ માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યું છે. ફાઈનલ લાયન્સ તમામ શરતો પૂરી છયા બાદ આપવામાં આવશે અને બહુ જલદી આપી દેવામાં આવે એવું બની શકે છે. વોશિંગટન પોસ્ટના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ઈલોન મસ્કની સ્ટારલિંકને પરવાનગી આપવાની પ્રોસેસને ઝડપી બનાવી દેવામાં આવી છે. આ પાછળનું કારણ અમેરિકા સાથેની ટ્રેડ વોરમાં વાતચીત કરવામાં ભારતને વધુ મદદ મળી શકે એમ છે.

સ્ટારલિકંની સર્વિસને ભારતમાં શરૂ કરવા માટે અરબો ડોલરનો ખર્ચ થઈ શકે છે. ભારતમાં કંઝ્યૂમર બ્રોડબેન્ડ માર્કેટને એક ટકા કવર કરવાથી સ્પેસએક્સને દર વર્ષે એક બિલિયન ડોલરની કમાણી કરી શકે છે. સ્ટારલિંકને લેટર મળી ગયો હોવાથી એ બહુ જલદી ભારતમાં સર્વિસ શરૂ કરશે. સ્ટારલિંક સેટેલાઈટ સર્વિસ એક રીતે જોવા જઈએ તો વનવેબની સર્વિસ છે એ જ મૂજબ સર્વિસ આપશે. વનવેબ દ્વારા ભારતમાં પહેલેથી જ સેટેલાઈટ સર્વિસ આપવામાં આવી રહી છે અને એરટેલ કંપનીમાં એની ખૂબ જ મોટી ભાગીદારી પણ છે.

સ્પેસએક્સની સ્ટારલિંક સાથે જિયો અને એરટેલ બન્નેએ પાર્ટનરશિપ કરી છે. તેઓ સ્ટારલિંક સાથે મળીને પોતાની સર્વિસ લઈને આવશે. ૨૦૨૫ની શરૂઆતમાં આ પાર્ટનરશિપ વિશે જાહેરાત કરવામાં આવી હતી. જોકે હજી સુધી સ્ટારલિંક દ્વારા આ વિશે કોઈ જાહેરાત કરવામાં નથી આવી.

### મિસાઈલ હુમલાનો દાવો

# લાહોરમાં એક બાદ એક સતત ૩ ધડાકાથી હચમચી ઉઠ્યું પાકિસ્તાન

## આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે

(SSS) લાહોર,

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનમાં રીત સરનો ખૌફનો માહોલ છે. આ જ કડીમાં હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એવો દાવો કરાયો છે કે પાકિસ્તાનના લાહોરમાં એક બાદ એક ત્રણ ધડાકા થયા છે. ગુરુવારે સવારે આ ધડાકાના સમાચાર સામે આવ્યા. કેટલાક સ્થાનિક સ્ત્રોતો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સે આ મિસાઈલ હુમલો હોવાનો દાવો કર્યો છે. આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે. જલદી આ અંગે કોઈ અધિકૃત પુષ્ટિ થઈ શકે છે. નોંધનીય છે કે આ ધડાકા ૭મેના રોજ ભારતે પાકિસ્તાન અને પીઓકેના ૯ આતંકી ઠેકાણાઓ પર કરેલી પ્રિસિઝન મિસાઈલ એટેક બાદ થયા છે. ભારતે આ હુમલો પહેલગામ આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર હેઠળ કર્યો હતો. હવે લાહોરમાં ધડાકા સંભળાઈ રહ્યા છે. એવા સમાચાર છે કે સમગ્ર લાહોરમાં સાઈરનો વાગી રહી છે અને લાહોર એરપોર્ટ બંધ કરાયું છે. હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓ કે સેના દ્વારા આ ધડાકાઓની મિસાઈલ હુમલા તરીકે પુષ્ટિ થઈ નથી. જો કે પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સમાં એવું જરૂર કહેવાયું છે કે વિસ્તારમાં સુરક્ષાદળો તૈનાત છે અને લોકોને નજીક જતા રોકવામાં આવી રહ્યા છે. ધડાકાઓ બાદ લાહોરમાં ઈમરજન્સીની જાહેરાતના અહેવાલો છે અને સ્થાનિક લોકોમાં ડરનો માહોલ હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે લાહોરમાં ડ્રોનથી હુમલો થયો છે. લાહોર એરપોર્ટ પાસે ધડાકાનો અવાજ અનેક કિલોમીટર સુધી સંભળાયો છે. ત્યારબાદ સાઈરનનો અવાજ સંભળાયો. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે આ ધડાકાઓની જગ્યા અને તેમના કારણની માહિતી મેળવવામાં આવી રહી છે. લાહોરના ગોપાલ નગર અને નસીરાબાદ વિસ્તારોમાં વોલ્ટન એરપોર્ટ પાસે વોલ્ટન રોડ પર અનેક ધડાકા સંભળાયા. લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર નીકળી આવ્યા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ધડાકા બાદ લાહોર એરપોર્ટને અસ્થાયી રીતે બંધ કરાયું છે. અત્રે જણાવવાનું કે આ વિસ્ફોટ જ્યાં થયો છે ત્યાં વોલ્ટન એરપોર્ટ પાસે પાકિસ્તાની આર્મીનું યુનિટ છે. સૂત્રોનું માનીએ તો કરાચી એરપોર્ટ પણ હાલ ફ્લાઈટ ઓપરેશન માટે બંધ કરાયું છે.

### ચિનાબ નદીના બગલિહાર-સલાલ ડેમના ગેટ ખોલ્યાં

# ઓપરેશન સિંદૂર બાદ ભારતની ફરી વૉટર સ્ટ્રાઈક

## ભારતે બગલિહાર અને સલાલ ડેમના ગેટ ખોલી દેતા પાકિસ્તાનના વિભિન્ન વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ

(SSS) નવી દિલ્હી

LOC પર નિર્દોષ નાગરિકોને ટાર્ગેટ કરી રહેલા પાકિસ્તાનન પર ભારતે ફરી વૉટર સ્ટ્રાઈક કરી છે. ગોળીબાર કર્યા વિના પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ભારતે ફરી એક વખત ચિનાબનો સહારો લીધો છે. ભારતે બગલિહાર અને સલાલ ડેમના ગેટ ખોલી દીધા છે, જેનાથી પાકિસ્તાનના વિભિન્ન વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે.

પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં સૈન્ય ગતિવિધિઓ પણ પ્રભાવિત થઈ છે. છેલ્લા પાંચ દિવસોમાં ભારતે બીજી વખત તેના પર વૉટર સ્ટ્રાઈક કરી છે. આ અગાઉ રવિવારે ભારત સરકારે ચિનાબ નદીના પાણીનો પ્રવાહ બંધ કરી દીધો હતો, જેના કારણે પાકિસ્તાનમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ હતી અને તેના વિવિધ જળવિદ્યુત પ્રોજેક્ટ બંધ થઈ ગયા હતા. જોકે, ભારતે બીજા દિવસે સોમવારે પાણી છોડી દીધુ હતું. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂરથી બોખલાઈ ગયેલા પાકિસ્તાને મંગળવાર રાતથી ભારતના સરહદી વિસ્તારો પર ગોળીબાર શરૂ કરી દીધો છે. આ ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો છે અને ૧૪ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. લગભગ ૧૦૦ નાગરિકો ઘાયલ થયા છે. સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગત રાત્રે ડોડા-કિશતવાડ, રિયાસીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને બગલિહાર અને સલાલ ડેમમાં પાણીના પ્રવાહને રોકવા અને જાળવવા માટે બનાવવામાં આવેલા બે વધારાના ગેટ ખોલી દેવામાં આવ્યા છે. આના કારણે રિયાસી નીચે અખનુરમાં પાણીનું સ્તર ૨૦ ફૂટથી ઉપર વધી ગયું છે. તેનાથી અખનૂરની નીચે પાકિસ્તાનના વિસ્તારોમાં પણ પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જોકે, તેની પુષ્ટિ નથી થઈ. પરંતુ સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગઢખાલ અને પરગવાલ સેક્ટરની પાર પકિસ્તાની ક્ષેત્રોમાં પાણી ભરાઈ ગયું છે. સૂત્રોનું માનીએ તો સિંધુ જળ સંધિ હેઠળ પાકિસ્તાનને ચેનાબના પાણીનો પ્રવાહ રોકવા અથવા ચેનાબ પર બનેલા ડેમમાંથી અચાનક પાણી છોડતા પહેલા જાણ કરવામાં આવી હતી. હવે આ સંધિ સ્થગિત કરી દેવામાં આવી છે, તેથી હવે તેની જાણ કરવામાં નથી આવતી અને ભારત જ્યારે ઈચ્છે ત્યારે પાકિસ્તાનમાં દુષ્કાળ અને પૂરની સ્થિતિ ઉત્પન્ન કરી શકે છે.

### હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસો પર સુપ્રીમ કોર્ટની ચિંતા

# સરકારને ઝડપથી ન્યાયાધીશોની નિમણૂક કરવા આપ્યો આદેશ

(SSS) મુંબઈ,

દેશની હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકમાં વિલંબ મુદ્દે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક પર કોલેજિયમની ભલામણોને ઝડપથી મંજૂરી આપવા નિર્દેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસો મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, તે હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક મુદ્દે કોલેજિયમની ભલામણો પર ઝડપથી મંજૂરી આપે. હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટે અનેક ભલામણો કેન્દ્ર પાસે પેન્ડિંગ છે. હાઈકોર્ટમાં જજની ઘટના કારણે પેન્ડિંગ કેસોની સંખ્યા પણ વધુ છે. જેથી સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસો મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, હાઈકોર્ટમાં ૭,૨૪,૧૯૨ ગુનાહિત કેસો પેન્ડિંગ છે. જેમાં એકલી અલાહાબાદ હાઈકોર્ટમાં જ ૨.૭ લાખ કેસો પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે આગળ જણાવ્યું કે, નવેમ્બર, ૨૦૨૨થી અત્યારસુધી હાઈકોર્ટના જજ માટે સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૨૨૧ નામોની ભલામણ કરી હતી. જેમાં ૨૯ નામ કેન્દ્ર સરકાર પાસે પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર કોલેજિયમ દ્વારા ભલામણ કરવામાં આવેલા ન્યાયાધીશોના નામ, હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના વર્તમાન અને નિવૃત્ત ન્યાયાધીશો સાથે તેમના સંબંધ, અને સરકાર દ્વારા મંજૂર પ્રસ્તાવોની સંખ્યા જાહેર કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ અનુસાર, કોલેજિયમે ૯ નવેમ્બર, ૨૦૨૨થી ૧૦ નવેમ્બર, ૨૦૨૪ સુધી હાઈકોર્ટના ન્યાયાધીશ માટે ૩૩૦ નામની ભલામણ કરી હતી. જેમાંથી કેન્દ્ર સરકારે માત્ર ૧૭૦ નામ પર જ મહોર લગાવી હતી. ૧૭ જજની નિમણૂક પર મંજૂરી હજી પેન્ડિંગ છે. ત્યારબાદ ૧૧ નવેમ્બર, ૨૦૨૪થી ૫ મે, ૨૦૨૫ દરમિયાન ૧૦૩ ન્યાયાધીશોની ભલામણ કરવામાં આવી હતી. જેમાંથી માત્ર ૫૧ને મંજૂરી આપી હતી. બાકીના ૧૨ નામ પર મંજૂરી પેન્ડિંગ છે. ૯ નવેમ્બર, ૨૦૨૨થી ૫ મે, ૨૦૨૫ દરમિયાન હાઈકોર્ટમાં ન્યાયાધીશના પદ માટે કોલેજિયમે ૨૨૧ નામ સૂચવ્યા હતા. જેમાંથી ૨૯ નામ પર મંજૂરી બાકી છે.

### પોલીસ-વાયુસેના આ મામલાની તપાસ કરી રહી છે

# કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક શંકાસ્પદ વિસ્ફોટ થયો

## સરહદજ નજીક એક શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાયું છે, જેના કારણે વિસ્ફોટ થયો છે

(SSS) કચ્છ

ગુજરાતના કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક શંકાસ્પદ વિસ્ફોટ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એક શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાયું છે, જેના કારણે વિસ્ફોટ થયો છે. આ ઘટના સવારે ૬ વાગ્યાની આસપાસ ખાવડા ઈન્ડિયા બ્રિજ બોર્ડર વિસ્તાર પાસે બની હતી.

પોલીસ અને વાયુસેના આ મામલાની તપાસ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓ સતર્ક છે. આ ડ્રોન પાકિસ્તાન તરફથી સરહદ પારથી આવ્યું છે કે નહીં તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. તેનો કાટમાળ એકઠો કરવામાં આવ્યો છે અને તેનો સ્ત્રોત ક્યાં છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન સામે કડક વલણ અપનાવી રહ્યું છે. ભારતે મંગળવાર-બુધવારની રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં નવ સ્થળોએ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. ભારતના આ હુમલાથી પાકિસ્તાન ગુસ્સે છે અને સતત ધમકીઓ આપી રહ્યું છે.

આવી સ્થિતિમાં, આ ડ્રોન પાકિસ્તાનથી આવ્યું છે કે નહીં તે પણ આ દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે. પાકિસ્તાન એલઓસી પર સતત ગોળીબાર કરી રહ્યું છે. ગુરુવારે પણ પાકિસ્તાને નિયંત્રણ રેખા (LoC) પર ગોળા અને મોર્ટાર છોડ્યા હતા. ગુરુવારે મોટાભાગના લોકો સરહદી વિસ્તારો છોડીને સુરક્ષિત સ્થળોએ ગયા હતા. ભારતીય સેના પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી રહી છે. આ પહેલા, ૬-૭ મેની રાત્રે, ભારતે મિસાઈલ હુમલામાં પાકિસ્તાનમાં હાફિઝ સઈદ અને મસૂદ અઝહરના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યો પણ માર્યા ગયા છે. આ હુમલામાં મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યો ઉપરાંત ૪ નજીકના સાથીઓ પણ માર્યા ગયા હતા.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચ મોટા સમાચાર

# પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ અમદાવાદમાં રમાશે

## પંજાબ કિંગ્સ-મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ ધર્મશાળાથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવામાં આવી

(SSS) નવી દિલ્હી,

ધર્મશાલામાં યોજાનારી IPL મેચનું સ્થળ બદલવામાં આવ્યું છે. આ નિર્ણય પાછળનું કારણ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતો તણાવ છે. ૭ મેના રોજ ભારતે પાકિસ્તાન અને PoK વિસ્તારોમાં આતંકવાદી ઠેકાણાઓ પર કાર્યવાહી કરી હતી, ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ છે. તે તણાવને ધ્યાનમાં રાખીને, ૧૧ મેના રોજ ધર્મશાલામાં યોજાનારી મેચનું સ્થળ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધર્મશાલા મેચ હવે અમદાવાદમાં યોજાશે.

ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે મેચ ધર્મશાળાથી ખસેડવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ૧૧ મેના રોજ યોજાનારી પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ હવે અમદાવાદ ખસેડવામાં આવી છે. IPL 2025માં અમદાવાદ ગુજરાત ટાઈટન્સનું હોમ ગ્રાઉન્ડ છે.

ઓપરેશન સિંદૂર બાદ ધર્મશાલા એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે ટીમોને મુસાફરીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મેચ ૧૧ મેના રોજ રમવાની હતી. ઉલ્લેખનીય છે કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન પર હુમલો કર્યો છે.

પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે આ હુમલો કરવામાં આવ્યો છે. ઓપરેશન સિંદૂરમાં, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં સ્થિત નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. ભારતના ઘણા એરપોર્ટ ૧૦ મેના રોજ સવારે ૫.૩૦ વાગ્યા સુધી બંધ કરવામાં આવ્યા છે. જે એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે તેમાં ધર્મશાળા, જમ્મુ, શ્રીનગર, લેહ, ચંદીગઢ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર અને રાજકોટનો સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે ધર્મશાલા પંજાબ કિંગ્સનું બીજું હોમ ગ્રાઉન્ડ છે. પંજાબનું હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુર, ન્યુ ચંદીગઢ છે. આ સુંદર સ્ટેડિયમમાં IPL 2025ની ત્રણ મેચ યોજાવા જઈ રહી છે. પંજાબ અહીં લખનૌ સુપર જાયન્ટ્સ સામે પહેલાથી જ એક મેચ રમી ચૂક્યું છે. આ મેચ ૪ મેના રોજ રમાઈ હતી. પંજાબની ટીમે અહીં લખનૌ સામે કારમી હાર આપી હતી. પરંતુ પાકિસ્તાન સરહદની નજીક હોવાથી આ મેદાન પર બાકીની મેચો રમવાની શક્યતા ઘણી ઓછી થઈ ગઈ છે. તે તણાવને ધ્યાનમાં રાખીને, ૧૧ મેના રોજ ધર્મશાલામાં યોજાનારી મેચનું સ્થળ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધર્મશાલા મેચ હવે અમદાવાદમાં યોજાશે.

# સર્વપક્ષીય બેઠકમાં ઓવૈસીએ સરકારને કર્યા મહત્ત્વના સૂચન



### TRF વિરુદ્ધ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ચલાવવું જોઈએ

(SSS) નવી દિલ્હી,

ઓપરેશન સિંદૂર બાદ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારે રાજકીય પક્ષોને ઓપરેશન સિંદૂરની બ્રીફિંગ આપી. આ દરમિયાન આતંક પર સકંજો કસવા આ બેઠકમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ-મુસ્લિમીનના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ભારત સરકારને મહત્ત્વના સૂચન કર્યા છે. હવે બેઠક બાદ ઓવૈસીએ સંપૂર્ણ જાણકારી આપી છે. ઓવૈસીએ કહ્યું કે, મેં સર્વપક્ષીય બેઠકમાં આપણી સેનાની પ્રશંસા કરી. તેમણે ઓપરેશન સિંદૂરને અંજામ આપ્યો. મેં બેઠકમાં કહ્યું કે, આપણે TRF વિરુદ્ધ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ચલાવવું જોઈએ, ખાસ કરીને સિક્યોરિટી કાઉન્સિલે તેનું એલાન કરવું જોઈએ. ઓવૈસીએ કહ્યું કે, આપણે અમેરિકાને એ કહેવાનું છે કે, તમે પોતાના દેશમાં TRFને આતંકવાદી સંગઠન જાહેર કરો. ફેબ્રુઆરી ૨૦૨૫માં હાફિઝ સઈદના પુત્રએ એક ભાષણમાં કહ્યું હતું કે, અમે ૨૦૨૫માં જિહાદ કરીશું. તેઓ જિહાદના નામે ભારતમાં હત્યા કરવા માગે છે. તેઓ આતંક ફેલાવવા માંગે છે. અમે સંયુક્ત રાષ્ટ્રને TRFને આતંકવાદી સંગઠન જાહેર કરવા વિનંતી કરીએ છીએ. પાકિસ્તાનને FATFની ગ્રે લિસ્ટમાં રાખવું જોઈએ. ઓવૈસીએ કહ્યું કે, આપણે બ્રિટન સાથે ટ્રેડ ડીલ પણ કરી છે. આવી સ્થિતિમાં અમે તેમને TRF પર પ્રતિબંધ મૂકવા માટે પણ કહીશું. બ્રિટનના નાણાં મંત્રાલયે પાકિસ્તાન પર પ્રતિબંધો લાદવા જોઈએ. અમે અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવા જઈ રહ્યા છીએ, તો આવી સ્થિતિમાં અમેરિકાને પાકિસ્તાનને આતંકવાદી યાદીમાં મૂકવા માટે પણ કહીશું.

### BCCIએ ક્રિકેટરને આપી મોટી સજા

# વરુણ ચક્રવર્તીને તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો

## વરુણ સામે આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દંડ




(SSS) નવી દિલ્હી

બુધવારે ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં કોલકાતાને હારનો સામનો કરવો પડ્યો હતો. તો આ મેચમાં સ્પિનર વરુણ ચક્રવર્તી સામે BCCI દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હકીકતમાં વરુણ ચક્રવર્તી સામે મેચ દરમિયાન IPL આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. વરુણ ચક્રવર્તીને IPL આચારસંહિતાના કલમ ૨.૫ના ઉલ્લંઘન બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો, જે અન્ય ખેલાડી પ્રત્યે અપમાનજનક ભાષા, રિએક્શન અથવા અથવા મેચ દરમિયાન આક્રમક પ્રતિક્રિયા ઉશ્કેરવા સાથે સંબંધિત છે. IPL દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વરુણ ચક્રવર્તીએ કલમ ૨.૫ હેઠળ લેવલ ૧ ના ગુનાની કબૂલાત કરી છે અને મેચ રેફરીની સજા સ્વીકારી છે. લેવલ ૧ની આચારસંહિતા ભંગ માટે મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. IPL આચાર સંહિતાના કલમ ૨.૫ મુજબ, જ્યારે કોઈ બેટ્સમેન આઉટ થઈને પેવેલિયન પરત ફરી રહ્યો હોય છે, ત્યારે ઘણી વખત ઉત્તેજનામાં બોલર એવી રીતે પ્રતિક્રિયા આપે છે કે બેટ્સમેન તરફથી વળતો પ્રતિભાવ મળવાની શક્યતા વધી જાય છે. ઘણી વાર, ફિલ્ડ અમ્પાયરોને દરમિયાનગીરી કરવી પડે છે. બોલર તરફથી બેટ્સમેન પ્રત્યે આ પ્રકારની પ્રતિક્રિયા અપમાન માનવામાં આવે છે. ભલે બેટ્સમેનને અપમાનિત ન લાગે. બુધવારે ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે એક મહત્વપૂર્ણ મેચ રમાઈ હતી. આ સિઝનમાં સતત હારનો સામનો કરી રહેલી CSKએ KKR સામે સિઝનની ત્રીજી જીત મેળવી. CSKએ KKRને બે વિકેટે હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા KKRએ ૬ વિકેટે ૧૭૯ રન બનાવ્યા. CSKની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. પરંતુ, છેલ્લી ઓવરમાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### મનજિંદર સિંહે કહ્યું- ૨૫ હજાર શીખો અડગ રહેશે

# પાકિસ્તાની સેનાએ પૂંછમાં ગુરુદ્વારા પર કર્યો હુમલો

## મનજિંદર સિંહ સિરસાએ કહ્યું, "જમ્મુમાં નાગરિકો અને ગુરુદ્વારાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે

**(SSS)** પૂંછ,

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર ગોળીબાર ચાલુ છે. બુધવારે, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલોથી હુમલો કર્યો. આ હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા, જેમાં આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ઘણા સભ્યો અને નજીકના સાથીઓ શામેલ હતા. આ સમય દરમિયાન, ભારતીય સેનાએ અનેક મિસાઈલો છોડી, જેના પછી પાકિસ્તાનમાં અરાજકતા ફેલાઈ ગઈ. ત્યારથી, પાકિસ્તાની સેના દ્વારા ભારત-પાકિસ્તાન સરહદ પર ગોળીબાર અને તોપમારો કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં ભારતીય સેના પાકિસ્તાનને એ જ ભાષામાં જવાબ આપી રહી છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાએ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં ગુરુદ્વારા પર હુમલો કર્યો છે. આ અંગે દિલ્હીના મંત્રી મનજિંદર સિંહ સિરસાએ કહ્યું, "ગુરુદ્વારા શ્રી ગુરુ સિંહ સભા પૂંછ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલાની હું સખત નિંદા કરું છું.

પાકિસ્તાન એટલું કાયર છે કે તે આપણા નાગરિકો પર હુમલો કરી રહ્યું છે. જ્યારે મેં ગુરુદ્વારાના વડા સાથે વાત કરી, ત્યારે તેમણે કહ્યું કે તે બધા આ હુમલાનો બદલો લેવા માટે ઉત્સુક છે. હું પાકિસ્તાનના દુષ્ટોને કહેવા માંગુ છું કે મારી ભારત સરકાર આ દુષ્ટ કૃત્યનો બદલો લેશે." મનજિંદર સિંહ સિરસાએ કહ્યું, "જમ્મુમાં નાગરિકો અને ગુરુદ્વારાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ બદમાશો છે. આજે સવારે ૭ વાગ્યે, ગુરુદ્વારા પર હુમલો કરવામાં આવ્યો અને પાકિસ્તાની સેના દ્વારા નિર્દોષ શીખોની હત્યા કરવામાં આવી રહી છે. પરંતુ ત્યાં ૨૫ હજાર શીખ છે જે પાકિસ્તાન સામે મજબૂતીથી ઉભા છે.

વડાપ્રધાન ચોક્કસપણે માર્યા ગયેલા નિર્દોષ લોકોનો બદલો લેશે. આ બિલકુલ ૨૨ એપ્રિલે પહેલગામમાં માર્યા ગયેલા નિર્દોષ પ્રવાસીઓ જેવું છે. ભારતીય સેના અને પાકિસ્તાની સેના વચ્ચે કોઈ સરખામણી થઈ શકે નહીં." સર્વપક્ષીય બેઠક અંગે તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી શેરી રાજકારણથી આગળ વધી ગઈ છે. કોંગ્રેસે સસ્તી રાજનીતિનો આશરો લીધો છે.

### પોલીસે તેની ધરપકડ કરી

# પાકિસ્તાનના સમર્થનમાં કોમેન્ટ કરવી એક યુવકને ભારે પડી

## યુવકની કોમેન્ટ પર હિન્દુ સંગઠનોએ હોબાળો મચાવ્યો, પોલીસે કાર્યવાહી કરી અને યુવકની ધરપકડ કરી છે

**(SSS)** મેરઠ,

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ એક મોટું લશ્કરી ઓપરેશન શરૂ કર્યું અને પડોશી દેશ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને તેનો નાશ કર્યો. બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, મેરઠના એક યુવકે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના સમર્થનમાં કોમેન્ટ કરવા બદલ ભારે કિંમત ચૂકવવી પડી. આ કેસમાં કાર્યવાહી કરતા પોલીસે ગંભીર કલમો હેઠળ કેસ નોંધીને યુવકની ધરપકડ કરી હતી.

મેરઠના ઝૈદ નામના યુવકે એક પાકિસ્તાની યુટ્યુબરની પોસ્ટ પર વાંધાજનક કોમેન્ટ કરી હતી. કોમેન્ટ બોક્સમાં પાકિસ્તાન સાચું છે એમ કહેવાની સાથે, તેમણે પાકિસ્તાનના સમર્થનમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. યુવકની કોમેન્ટ પર હિન્દુ સંગઠનોએ હોબાળો મચાવ્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને યુવકની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગંભીર કલમો હેઠળ કેસ નોંધીને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોપી એક સલૂનમાં કામ કરે છે.

આ કેસની તપાસ કરી રહેલી પોલીસે મીડિયાને જણાવ્યું હતું કે, "એક યુવક દ્વારા ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ કરવામાં આવી હતી. લોકોની મદદથી પોલીસે આરોપી યુવકને શોધી કાઢ્યો હતો. તેની સોશિયલ મીડિયા હિલચાલ અને પ્રવૃત્તિ પર ધ્યાન આપતા, તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી રહી છે. સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને યુવકની ધરપકડ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. તેની બધી પોસ્ટ પર નજર રાખવામાં આવી રહી છે." ઉલ્લેખનીય છે કે ભારતીય સેનાએ મંગળવારે રાત્રે ૧.૦૫ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે ૨૪ મિસાઈલોથી નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેમાં મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાનું મુખ્ય મથક અને બહાવલપુરમાં મુખ્ય આતંકવાદી ઠેકાણાઓનો સમાવેશ થાય છે. આ તે સ્થળો છે જેને આતંકવાદી પ્રવૃત્તિઓના કેન્દ્રો માનવામાં આવે છે. આ હુમલાને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.

### વિદેશ મંત્રાલયે પુરાવા સાથે પાકિસ્તાન પર કર્યા પ્રહાર

# પાકિસ્તાનમાં આતંકવાદીઓને મળ્યું છે રાજકીય સન્માન

## સેનાએ પાકિસ્તાની હુમલાઓને નિષ્ફળ કર્યા : સોફિયા કુરૈશી

## પાકિસ્તાન આતંકવાદીઓને બચાવે છે : વિક્રમ મિસ્રી

**(SSS)** નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. જેને ધ્યાને રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૮ મે) ભારત સરકારના કેટલાક વિભાગોના સચિવોની હાઈ લેવલ બેઠકની અધ્યક્ષતા કરી હતી. જ્યાં વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત હાલના ઘટનાક્રમોને લઈને ચર્ચા કરી હતી. ત્યારે આજે ઓપરેશન સિંદૂર પર વિદેશ મંત્રાલય દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. આ દરમિયાન કર્નલ સોફિયાએ કહ્યું હતું કે, અમે પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન નથી બનાવ્યા. અમે પહેલા જ પાકિસ્તાનને ચેતવણી આપી હતી. અમે પાકિસ્તાની હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. ૭ મે ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂર પર પ્રેસ બ્રીફિંગ દરમિયાન ભારતે પાકિસ્તાની સૈન્ય ઠેકાઓને નિશાન નથી બનાવ્યા. ભારતમાં સૈન્ય ઠેકાણાઓ પર કોઈ પણ હુમલો યોગ્ય જવાબને આમંત્રિત કરશે. ૭-૮ મે ૨૦૨૫ની રાત્રે પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને



અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાનકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, બઠિન્ડા, ચંદીગઢ, નાલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભુજ સહિત ઉત્તર અને પશ્ચિમી ભારતમાં કેટલાક સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાના પ્રયાસ કર્યા. તેમણે ઈન્ટીગ્રેટેડ કાઉન્ટર યૂએએસ ગ્રિડ અને વાયુરક્ષા પ્રણાલીઓ દ્વારા નિષ્પ્રભાવી કરી દેવાઈ. આ હુમલાઓના કાટમાળ હવે અનેક સ્થળોથી એકત્રિત કરવામાં આવી રહ્યા છે, જે પાકિસ્તાની હુમલાઓને સાબિત કરે છે.

વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ પ્રેસ બ્રીફિંગ દરમિયાન કહ્યું હતું કે, બોર્ડર પાર આપણા વિરૂદ્ધ ઘણી બધી ખોટી માહિતી આપવામાં આવી છે, કેટલાક વાતોને ધ્યાનમાં રાખવા લાયક છે, જેમ કે તણાવ વધારવાનો ઉલ્લેખ કરાઈ રહ્યો છે. પરંતુ પહેલી વાત એ છે કે પહલગામમાં થયેલો હુમલો તણાવ વધવાનું પહેલું કારણ છે, ભારતીય સેનાએ કાલે તેનો જવાબ આપ્યો છે. ધ રેજિસ્ટ્રેન્સ ફ્રન્ટ (TRF) સંગઠન લશ્કર-એ-તૈયબાનું જ સંગઠન છે, જેણે પહલગામ હુમલાની જવાબદારી લીધી હતી. અમે આ મામલે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ને તમામ માહિતી ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. TRF અંગે અપડેટ સતત અપાઈ રહી છે. વિક્રમ મિસ્રીએ એક ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, જ્યારે UNSCના નિવેદનમાં TRFનું નામ સામેલ કરવાની વાતો આવી તો માત્ર પાકિસ્તાને તેનો વિરોધ કર્યો અને નામ હટાવ્યું. આ સ્પષ્ટ સંકેત છે કે પાકિસ્તાન હજુ પણ આ આતંકવાદી સંગઠનને ઢાલ અને સમર્થન આપી રહ્યું છે.

### ભારતની વધુ એક મોટી કાર્યવાહી

# પાકિસ્તાની વેબ સિરીઝ, ગીતો અને ફિલ્મો પર પ્રતિબંધ

**(SSS)** નવીદિલ્હી

ભારતે પાકિસ્તાન વિરુદ્ધ વધુ એક મોટું પગલું ભર્યું છે. સરકારે હવે પાકિસ્તાન સંબંધિત OTT સામગ્રી, ફિલ્મો અને ગીતો પર પ્રતિબંધ મૂકવાનો કડક નિર્ણય લીધો છે. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારત પાકિસ્તાન વિરુદ્ધ સતત કડક પગલાં લઈ રહ્યું છે. ભારતે પહેલા સિંધુ કરારનો અંત લાવ્યો અને પછી પાકિસ્તાની વિઝા રદ કર્યા. આ પછી, ભારતે સૌથી મોટું પગલું ભર્યું અને ૭ મેની રાત્રે પીઓકે અને પાકિસ્તાનમાં ઘણા આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો. હવે ભારતે પાકિસ્તાન વિરુદ્ધ વધુ એક મોટું પગલું ભર્યું છે. સરકારે હવે પાકિસ્તાન સંબંધિત OTT સામગ્રી, ફિલ્મો અને ગીતો પર પ્રતિબંધ મૂકવાનો કડક નિર્ણય લીધો છે.તમને જણાવી દઈએ કે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા OTT પ્લેટફોર્મ અને મીડિયા પ્લેટફોર્મ માટે એક સલાહકાર જારી કરવામાં આવ્યો છે. મંત્રાલયની આ સલાહમાં, આ પ્લેટફોર્મ્સને પાકિસ્તાન સંબંધિત તમામ પ્રકારની સામગ્રી બતાવવાનું બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ભારતમાં પ્રતિબંધિત પાકિસ્તાની સામગ્રીમાં ઑડિઓ અને વિડિઓ બંને સામગ્રીનો સમાવેશ થાય છે.

મંત્રાલય દ્વારા જારી કરાયેલી સલાહમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને, તમામ મીડિયા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ, OTT પ્લેટફોર્મ અને મધ્યસ્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ પાકિસ્તાનમાં બનેલા ગીતો, ફિલ્મો, વેબ સિરીઝ, પોડકાસ્ટ અને અન્ય સ્ટ્રીમિંગ મીડિયા સામગ્રી પર તાત્કાલિક પ્રતિબંધ મૂકે જે સબ્સ્ક્રિપ્શન અથવા અન્ય કોઈપણ સ્વરૂપે ઉપલબ્ધ છે. મંત્રાલયે પોતાની સલાહકારમાં પહેલગામ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો છે.

જો તમે કોઈપણ પ્રકારના પાકિસ્તાની પ્રોગ્રામ અથવા OTT કન્ટેન્ટ માટે સબ્સ્ક્રિપ્શન પ્લાન લીધો હોય, તો હવે તમે તેને એક્સેસ કરી શકશો નહીં. કોઈ પણ પાકિસ્તાન સંબંધિત સામગ્રીનો ઉપયોગ કરી શકશે નહીં. ભારતના આ મોટા નિર્ણયથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગવાનો છે.

### રાજ્ય હાઈ એલર્ટ પર

# પંજાબ પોલીસે તમામ અધિકારીઓની રજા રદ કરી

**(SSS)** ચંદીગઢ,

પાકિસ્તાન અને POKમાં આતંકવાદી છાવણીઓ પર ભારત દ્વારા કરવામાં આવેલા સફળ હવાઈ હુમલા બાદ, પંજાબ પોલીસે એક મોટું પગલું ભર્યું છે અને તેના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજા તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે. પોલીસ વિભાગે સ્પષ્ટતા કરી છે કે સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા તરીકે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ મંગળવારે મોડી રાત્રે હવાઈ હુમલા દ્વારા પાકિસ્તાન અને POKમાં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોના ૯ સ્થળોને નિશાન બનાવ્યા હતા. તેમાં બહાવલપુર, મુરીદકે, ગુલપુર, ભીમ્બર, ચક અમરુ, બાગ, કોટલી, સિયાલકોટ અને મુઝફ્ફરાબાદ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય અને મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાના અડ્ડાને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઓપરેશનને 'ઓપરેશન સિંદૂર' નામ આપ્યું. તેમણે તાજેતરની બેઠકોમાં સ્પષ્ટપણે સંકેત આપ્યો હતો કે પહેલગામ હુમલામાં હિન્દુ પુરુષોને નિશાન બનાવવા ભારત માટે અસ્વીકાર્ય છે. આ હુમલા પછી ઘણી સ્ત્રીઓ વિધવા બની ગઈ, જેના કારણે દેશભરમાં આક્રોશ ફેલાયો.

RAW એ હવાઈ હુમલા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી હતી અને બધા લક્ષ્યોને સચોટ રીતે ઓળખી કાઢવામાં આવ્યા હતા. આ પછી, ત્રણેય દળો – આર્મી, એરફોર્સ અને નેવી – એ સંયુક્ત ઓપરેશન હેઠળ હુમલો કર્યો. સંરક્ષણ નિષ્ણાતો કહે છે કે આ કાર્યવાહી આતંકવાદ સામે ભારતની મજબૂત વ્યૂહરચના દર્શાવે છે. હવાઈ હુમલા બાદ પંજાબ સરકાર અને પોલીસ પ્રશાસન સંપૂર્ણપણે સતર્ક છે. રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને સરહદી વિસ્તારોમાં દેખરેખ વધુ તીવ્ર બનાવવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓ પાસેથી મળેલા ઈનપુટ્સ અનુસાર, કોઈપણ સંભવિત બદલાની કાર્યવાહીને ધ્યાનમાં રાખીને રાજ્યને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

### ડ્યુટીમાં ૯૦% સુધીનો ઘટાડો કરાયો

# ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, મોંઘેરી કાર થશે સસ્તી

**(SSS)** નવી દિલ્હી

ભારત અને યુકેએ સત્તાવાર ધોરણે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કર્યા હતાં. જે હેઠળ બ્રિટને ૯૦ ટકા નિકાસ પર ડ્યૂટી ઘટાડવા સહમતિ દર્શાવી છે. જેથી ભારતમાં મળતી બ્રિટિશ કાર સસ્તી થશે. હાલ બ્રિટનમાં ઉત્પાદિત કાર પર ૧૦૦ ટકાથી વધુ ડ્યુટી લાગે છે. જે હવે આ કરાર હેઠળ ૯૦ ટકા ઘટાડી ૧૦ ટકા કરાઈ છે. જેનાથી હાઈ કેટેગરીના વ્હિકલ વધુ સુલભ થશે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના કારણે ભારતમાં મળતી જેગુઆર લેન્ડ રોવર, બેન્ટલે, બીએમડબ્લ્યૂ ગ્રૂપની મીની, રોલ્સ રોય્સ, અને એસ્ટન માર્ટિનની લક્ઝ્યુરિયસ કાર સસ્તી થશે. બ્રિટન કાર પર હવે ૧૦ ટકા જ ડ્યુટી ચૂકવવાની હોવાથી કિંમતમાં મોટો ઘટાડો થઈ શકે છે. ઈંગ્લેન્ડમાં ઉત્પાદિત નોર્ટન મોટરસાયકલના નિર્માતા ટીવીએસને પણ લાભ થશે. કાર ઉત્પાદકો ઉપરાંત સ્કોચ વ્હિસ્કી પર પણ ડ્યુટી ૧૫૦ ટકાથી ઘટાડી દસ વર્ષમાં ૪૦ ટકા કરવામાં આવશે. ભારત અને યુકે વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ ૨૦૪૦ સુધી બંને દેશો વચ્ચે કુલ વાર્ષિક રૂ. ૨૫.૫ અબજ પાઉન્ડનો વેપાર વધવાનો અંદાજ છે. ૨૦૨૪માં બંને દેશો વચ્ચે ૪૨.૬ અબજ પાઉન્ડનો દ્વિપક્ષીય વેપાર થયો હતો. FTA ભારતીય નિકાસને પ્રોત્સાહન આપે છે. કારણકે, ભારતથી યુકે થતી ૯૯ ટકા નિકાસ પર ટેરિફ દૂર થશે. આયાત ડ્યૂટી દૂર થતાં ટેક્સટાઈલ, મરીન ફૂડ, લેધર પ્રોડક્ટ, ઓટો કમ્પોનન્ટ સેક્ટરને સીધો લાભ મળશે. ભારતના ટેક્સટાઈલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને આ કરારથી બ્રિટિશ માર્કેટમાં ગ્રોથ હાંસલ કરવા વિશાળ તકો મળશે. આ કરારથી પ્રોફેશનલ ડાયવર્સિફિકેશનમાં પણ સુધારો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડાપ્રધાન કીર સ્ટારમર બંનેએ આ કરારને આવકાર્યો હતો. તેમણે આ કરારને બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો સ્થાપિત થવા તરફનુ પ્રગતિશીલ પગલું ગણાવ્યું હતું. યુરોપિયન યુનિયનથી અલગ થયા બાદ યુકે અને ભારત માટે આ સૌથી મહત્ત્વપૂર્ણ કરાર છે.

### હજુ પૂરું નથી થયું ઑપરેશન સિંદૂર

# રક્ષામંત્રીએ જણાવ્યું કેટલા આતંકવાદીઓનો ખાતમો થયો

## રક્ષામંત્રીએ કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે : કિરેન રિજિજુએ વાતની પુષ્ટિ કરી



**(SSS)** નવી દિલ્હી

કેન્દ્ર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી. તેમણે કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. બુધવારે રાત્રે ભારતીય સેનાના હવાઈ હુમલામાં પાકિસ્તાન અને પીઓકેમાં ઓછામાં ઓછા ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. અહેવાલો કહે છે કે આતંકવાદીઓના ઓછામાં ઓછા ૧૨ આવા ઠેકાણા હજુ પણ બાકી છે. સર્વપક્ષીય બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે સંકટના સમયમાં સરકારની સાથે છીએ. દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે જો પાકિસ્તાન હુમલો કરશે તો ભારત પણ વળતો જવાબ આપશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ઓપરેશન વિશે વધુ ટેકનિકલ માહિતી આપી શકાતી નથી. સર્વપક્ષીય બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે રાજકીય નેતાઓએ સશસ્ત્ર દળોને તેમની કાર્યવાહી બદલ અભિનંદન આપ્યા. ખડગેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય નેતાઓની હાજરીમાં જણાવ્યું હતું કે સરકારે પહેલગામ હુમલા પછી પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ સ્થળોએ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વિશે તમામ રાજકીય પક્ષોને જાણ કરી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપતા, સરકારે કહ્યું છે કે તે હાલમાં કેટલીક ગુપ્ત માહિતી જાહેર કરી શકતી નથી. શ્રી ખડગેએ કહ્યું કે આવા સંકટના સમયમાં, અમે આ માટે સરકાર પર દબાણ નથી કરી રહ્યા અને રાષ્ટ્રીય હિતમાં સરકારની સાથે ઉભા છીએ. ગાંધીએ કહ્યું કે અમે સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે જેમ ખડગેજીએ કહ્યું છે, સરકારે કહ્યું છે કે તે કેટલીક બાબતો પર ચર્ચા કરવા માંગતી નથી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે રાજકીય પક્ષો લોકોનો અવાજ છે અને બધા નેતાઓ એક અવાજમાં બોલી રહ્યા છે અને આ સરકારની સફળતા છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર પછી, સતત વિકાસ થઈ રહ્યો છે અને તેથી અધિકારીઓને બેઠક માટે બોલાવવામાં આવ્યા નથી. તેમણે કહ્યું કે રાજકીય પક્ષો સાથે આગળની કાર્યવાહી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત સરકાર વતી ગૃહ મંત્રી અમિત શાહ, જગત પ્રકાશ નડ્ડા, વિદેશ મંત્રી એસ જયશંકર, નાણામંત્રી નિર્મલા સીતારમણ, સમાજવાદી પાર્ટીના રામ ગોપાલ યાદવ, ડીએમકેના ટીઆર બાલુ, એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસી, તૃણમૂલ કોંગ્રેસના શ્રીમતી સુદિપસિંહ, શિવસેનાના શ્રીમતી સુદિપસિંહ, શિવસેનાના શ્રીમતી એ. આ બેઠકમાં આદમી પાર્ટીના સંજય સિંહ, માર્ક્સવાદી પાર્ટીના જોન બ્રિટાસ, લોક જન શક્તિ પાર્ટીના ચિરાગ પાસવાન, બીજુ જનતા દળના સસ્મિત પાત્રા અને ડીએમકેના તિરુચી સિવાએ ભાગ લીધો હતો.

### આપી પાકિસ્તાન છોડવાની સલાહ

# અમેરિકાએ પોતાના નાગરિકોને કર્યા એલર્ટ

## ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે, અમેરિકાએ નાગરિકોને લાહોર છોડવાની સૂચના આપી

**(SSS)** વોશિંગ્ટન

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે. પાકિસ્તાને દેશના ઘણા શહેરોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભારતીય સેનાએ તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. આ દરમિયાન, અમેરિકાએ પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકોને એક મહત્વપૂર્ણ સૂચના આપી છે. અમેરિકાએ લાહોર સહિત પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકોને તાત્કાલિક પાછા ફરવાનો નિર્દેશ આપ્યો છે.

અમેરિકન દૂતાવાસે પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકો માટે એક સલાહકાર જારી કર્યો છે. આમાં તેમણે કહ્યું કે, લાહોર અને તેની આસપાસ ડ્રોન હુમલાના અહેવાલો મળ્યા છે. અહીં હાજર બધા અમેરિકન નાગરિકોએ આશ્રયસ્થાનમાં જવું જોઈએ. જો કોઈ પણ પ્રકારની સમસ્યા ઊભી થાય, તો સંબંધિત અધિકારી સાથે વાત કરો અને તેમણે શક્ય તેટલી વહેલી તકે અહીંથી ચાલ્યા જવું જોઈએ. જો તેઓ એરપોર્ટ ન પહોંચી શકે, તો તેમણે આશ્રયસ્થાનમાં જવું જોઈએ.

ભારતના ઓપરેશન સિંદૂર વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં હાજર ચીનની HQ-9 મિસાઈલ સિસ્ટમને ભારે નુકસાન થયું છે. ચીનમાં ઉત્પાદિત આ લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમને પાકિસ્તાનના બહુ-સ્તરીય સંરક્ષણ નેટવર્કનો મુખ્ય ભાગ માનવામાં આવે છે. ભારતના ચોકસાઈવાળા હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે મુખ્ય આગળના સ્થળોએ પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે. પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતે પાકિસ્તાનની રડાર સિસ્ટમનો નાશ કરીને તેના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો.

### પાકિસ્તાનનું નવું ષડયંત્ર શું છે?

# જમ્મુમાં ૭૨ કલાકનું એલર્ટ, ગામડાં ખાલી કરવામાં આવ્યા

## બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરાયું

**(SSS)** જમ્મુ,

'ઓપરેશન સિંદૂર' પછી જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ભારત-પાક સરહદ પર વધારાની સાવધાની રાખવામાં આવી રહી છે. બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને જમ્મુ અને કાશ્મીરની બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શાળાઓ અને કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. બોર્ડરને અડીને આવેલા ગામડાઓને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશની કાશ્મીર ખીણને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. બુધવારે રાત્રે રાજસ્થાનમાં સરહદે આવેલા બાડમેર અને જોધપુરમાં સંપૂર્ણ બ્લેકઆઉટ થયું હતું. બાડમેર, જેસલમેર અને શ્રીગંગાનગરમાં શાળાઓને આગામી આદેશ સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાન સરહદ નજીકના પોતાના ગામડાઓ ખાલી કરાવી રહ્યું છે. આને એક મોટા ષડયંત્ર તરીકે જોવામાં આવી રહ્યું છે. જેને લઈને, શ્રીગંગાનગરમાં સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે અહીં શાળાઓ, કોલેજો અને તમામ પ્રકારની સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના સાંબા અને કઠુઆ જિલ્લા ઉપરાંત, જમ્મુ જિલ્લાના આરએસપુરા વિસ્તારમાં આગામી ૭૨ કલાક માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ એલર્ટ હેઠળ બોર્ડર ઉપર આવેલા વિસ્તારોમાં રહેતા લોકોને શક્ય તેટલી વહેલી તકે ગામડાઓ ખાલી કરવા કહેવામાં આવ્યું છે. પંજાબના બોર્ડર પર આવેલા જિલ્લાઓના ગામડાઓને પણ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ફિરોઝપુર જિલ્લાના કેટલાક સરહદી ગામોના લોકોએ સલામત સ્થળોએ આશ્રય લેવાનું શરૂ કરી દીધું છે. બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને જમ્મુ અને કાશ્મીરની બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### બહુવિધ કામો માટે ૪૬૪.૯૨ કરોડના કામ કામો મંજુર કર્યા

# શહેરોના વિકાસ કાર્યો માટે મુખ્યમંત્રીએ ખોલ્યો ખજાનો

## ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી



(SSS) ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે "અર્નિંગવેલ લીવીંગવેલ"નો ધ્યેય સાકાર કરવા નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી સમક્ષ સંબંધિત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોએ સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો માટે સામાન્ય સભામાં મંજૂરી લઈને નાણાં ફાળવવાની કરેલી માંગણી અનુસાર મુખ્યમંત્રીએ આ રકમ ફાળવવાની અનુમતિ આપી છે. શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશકતીકરણથી વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના શહેરોના નિર્માણનો હેતુ વિકાસ કામોની આ સૈદ્ધાંતિક મંજૂરીઓમાં અભિપ્રેત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં ૨૦૨૪-૨૫ના ગત વર્ષના બજેટ કરતા ૪૦ ટકા વધારો કરીને ૩૦,૩૨૫ કરોડ રૂપિયા ફાળવ્યાં છે. તેમણે નાગરિક કેન્દ્રીત શહેરોના નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકોમાંથી જે તે નગર-મહાનગરની જરૂરિયાત મુજબના કામો માટે નાણા ફાળવવા અનુમતિ આપી છે. મુખ્યમંત્રીએ શહેરી વિસ્તારોમાં સડકોના નિર્માણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૫૯૭.૭૩ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે. આ કામો અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ૮૫૭ જેટલા માર્ગોના કામો કારપેટ, રી-કારપેટ, હયાત રસ્તા પહોળા કરવા, નવા બનાવવા, સી.સી. રોડ એમ બહુવિધ કામો માટે ૪૬૪.૯૨ કરોડના કામ કામો મંજુર કર્યા છે. ભાવનગર મહાનગરપાલિકામાં ચાર માર્ગીય રસ્તા, RCC, મેટલ ગ્રાઉટીંગ જેવા રસ્તાઓના ૨૦ કામો માટે રૂ.૬૮ કરોડ તેમજ જામનગર મહાનગરપાલિકાને સી.સી. રોડના ૧૮ કામો માટે રૂ.૪૩.૮૧ કરોડના કામોની સિદ્ધાંત મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ નવરચિત મહેસાણા મહાનગરપાલિકાને ૨૧ કરોડ રૂપિયાના નવા માર્ગો બનાવવા, અન્ડર પાસના, એપ્રોચ રોડ બનાવવા વગેરે માટે ફાળવ્યા છે. તેમણે નગરો-મહાનગરોમાં ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર લાઈન, ગાર્ડન, લાઈબ્રેરી, રિચાર્જ વેલ, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખ ઉભી થાય તેવા કામો અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત સવર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કુલ મળીને ૧૨૪૯.૩૮ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે. તદ્અનુસાર, ૩ નવરચિત મહાનગરપાલિકાઓ પોરબંદરને રૂ.૨૦૦.૩૫ કરોડ, આણંદને રૂ.૪ કરોડ તેમજ મહેસાણાને રૂ.૨૫૬ કરોડ સહિત ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૪૫૧ કરોડ અને જામનગરને રૂ.૩૧૭ કરોડ તથા ગાંધીનગર મહાનગરને રૂ.૧૭૧ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ આઉટ ગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ માટે રોડ-રસ્તાના કામો, ભૂગર્ભ ગટર, બોક્સ ડ્રેઈન, ડામર રોડ બનાવવા જેવા કામો માટે કુલ ૧૭૦.૦૮ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ કામોથી ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૭૧ કરોડ, જામનગર મહાનગરપાલિકાને રૂ.૬૬.૯૧ કરોડ, મહેસાણા મહાનગરપાલિકાને રૂ.૨૨.૫૦ કરોડ તેમજ ગોધરા નગરપાલિકાને રૂ.૭.૯૯ અને ગણદેવીને રૂ.૧.૬૮ કરોડના કામો હાથ ધરવા અનુમતિ આપી છે. તેમણે ત્રણ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને કેનાલ સાઈડ પ્રોટેકશન વોલ, ડી.પી. રોડના બાંધકામ, લાઈબ્રેરી બિલ્ડિંગ વગેરે માટે કુલ ૨૦.૧૯ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે મુખ્યમંત્રીએ સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ.૧૧.૬૨ કરોડ, ભાવનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૧.૪૦ કરોડ અને રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૭.૧૭ કરોડના કામો હાથ ધરવા અનુમતી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકના કામો માટે વડોદરા મહાનગરપાલિકાને પેવર બ્લોક, ગટર જોડાણના કામો માટે ૨.૪૯ કરોડ, કડી નગરપાલિકાને રૂ.૨.૨૯ કરોડ, ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૦.૮૩ કરોડ, આણંદ મહાનગરપાલિકાને ૩.૩૭ કરોડ તથા પાલનપુર નગરપાલિકાને ૦.૨૪ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ મુખ્યમંત્રીએ આપી છે. આ ઉપરાંત મુખ્યમંત્રીએ અંકલેશ્વર નગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા સીનીયર સીટીઝન ગાર્ડનના આગવી ઓળખના કામો માટે ૭.૯૧ કરોડ રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી રાજ્યમાં નગરો-મહાનગરોમાં આયોજનબદ્ધ સર્વગ્રાહી વિકાસની દિશા આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સર્વગ્રાહી વિકાસની દિશાને વધુ સંગીન બનાવીને ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી દ્વારા રાજ્યના શહેરોને વર્લ્ડ ક્લાસ, સ્માર્ટ અને સસ્ટેઈનેબલ બનાવવાના નિર્ધાર સાથે વિકાસ કામો માટે આ નાણાંની ફાળવણી કરી છે.

### બનાસકાંઠા જિલ્લો અવ્વલ

# ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦નું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર

## આ વર્ષે બોર્ડનું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર થયું છે, જે ગત વર્ષ કરતા ૦.૫૨ ટકા પરિણામ વધુ છે

(SSS) ગાંધીનગર

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે બોર્ડનું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર થયું છે. જે ગત વર્ષ કરતા ૦.૫૨ ટકા પરિણામ વધુ છે. ગત વર્ષે ધોરણ ૧૦નું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૦માં અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૮ ટકા, ધોરણ ૧૦માં ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૭૯ ટકા, ધોરણ ૧૦માં હિન્દી માધ્યમનું પરિણામ ૭૬.૪૭ ટકા નોંધાયું છે.ધોરણ ૧૦નું પરિણામ જાહરે થતાં આ વર્ષે ૮૯.૨૯ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો બનાસકાંઠા બન્યો છે. જ્યારે ૭૨.૫૫ ટકા સાથે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો ખેડા છે. ૧૦૦ ટકા પરિણામ વાળી સ્કૂલોની વાત કરવામાં આવે તો આ વર્ષે ૧૫૭૪ સ્કૂલોમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે, ૨૦૧ સ્કૂલોમાં ૩૦ ટકા થી ઓછું પરિણામ આવ્યું છે. જ્યારે ઝીરો ટકા પરિણામ વાળી સ્કૂલો ૪૫ છે.મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે, ભાવનગરના ભોળાદ કેન્દ્રનું પરિણામ પણ ૯૯.૧૧ ટકા અને સૌથી ઓછું પરિણામ ખેડાના અંબાવ કેન્દ્રનું ૨૯.૫૬ ટકા આવ્યું છે, સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનું ૮૯.૨૯ ટકા છે, સૌથી ઓછું પરિણામ ખેડા જિલ્લાનું ૭૨.૫૫ ટકા અને ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ૧૫૭૪ છે. આ વર્ષે વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થી કરતા ૭.૬૮ ટકા આગળ રહી બાજી મારી છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા આવ્યું છે જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા આવ્યું છે. રાજ્યની ૧૫૭૪ શાળાનું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. રાજ્યની ૨૦૧ શાળાનું ૩૦ ટકાથી ઓછુ પરિણામ જાહેર થયું છે. ૪૫ શાળાઓનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. રાજ્યમાં A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ હજાર ૫૫ છે તો રાજ્યમાં A2 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૬ હજાર ૪૫૯ છે. ધો. ૧૦માં ફરી વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓએ મારી બાજી મારી છે. ધો. ૧૦માં વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા જાહેર થયું છે તો ધો. ૧૦માં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા જાહેર થયું છે.

### અમદાવાદમાં રીક્ષાચાલકના પુત્રએ કરી કમાલ

# રીક્ષાચાલકના પુત્રએ ધો-૧૦મા મેળવ્યા ૯૯.૯૫ પર્સન્ટાઈલ

## ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ જૈમીને તનતોડ મહેનત કરી જેનું પરિણામ આજે તેણે મળ્યું છે

(SSS) અમદાવાદ

આજે ધોરણ ૧૦નું પરિણામ આવી ગયું છે. ધોરણ ૧૦ બોર્ડનું રેકોર્ડબ્રેક ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત ભાવનગરના ભોળાદ કેન્દ્રનું પણ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ખેડાના અંબાવ કેન્દ્રનું સૌથી ઓછુ ૨૯.૫૬ ટકા પરિણામ આવ્યું છે. પરિશ્રમ એ જ પારસમણિ આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે ત્યારે અમદાવાદના એચબીકેમાં અભ્યાસ કરતા જૈમીન કાપ્સત જેને ધોરણ ૧૦ માં ૯૯. ૯૫ પર્સન્ટાઈલ અને ૯૮% આવ્યા છે. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ જૈમીને તનતોડ મહેનત કરી જેનું પરિણામ આજે તેણે મળ્યું છે. તમને જણાવી દઈએ કે, જૈમીનના પિતા અલ્પેશભાઈ રીક્ષા ચાલક છે. રીક્ષા ચલાવીને તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. એક તરફ આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ દીકરાના ભણવાની લગન જોઈને તેને ટ્યુશન પણ કરાવતા. જૈમીન પાછળ તેના માતા પિતાએ ખૂબ જ પરિશ્રમ કર્યો છે જેનું પરિણામ આજે જૈમીનને મળ્યું છે.

ધો. ૧૦ બોર્ડનું રેકોર્ડબ્રેક ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર

મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ

ભાવનગરના ભોળાદ કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ

ખેડાના અંબાવ કેન્દ્રનું સૌથી ઓછુ ૨૯.૫૬ ટકા પરિણામ

બનાસકાંઠા ૮૯.૨૯ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો

ખેડા ૭૨.૫૫ ટકા સાથે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો

રાજ્યની ૧૫૭૪ શાળાનું ૧૦૦ ટકા પરિણામ

રાજ્યની ૨૦૧ શાળાનું ૩૦ ટકાથી ઓછુ પરિણામ

૪૫ શાળાઓનું પરિણામ આવ્યું શૂન્ય ટકા

રાજ્યમાં A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ હજાર ૫૫

રાજ્યમાં છ૨ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૬ હજાર ૪૫૯

ધો. ૧૦માં ફરી વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓએ મારી બાજી

ધો. ૧૦માં વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા

ધો. ૧૦માં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા

### આરોપીઓની પૂછપરછ કરતા હકીકત આવી સામે

# સાયબર ક્રાઈમ માટે વપરાતા બેંક ખાતાની આપ લે કરતા ૪ આરોપીઓ ઝડપાયા

## આરોપીઓને ૨૦,૦૦૦ રૂપિયા આંગડિયા પેઢી દ્વારા મોકલવામાં આવ્યા હતા સાથે જ એક કીટના ૪૦૦૦ રુપિયા મેળવતા હતા

(SSS) અમદાવાદ

સાયબર ક્રિમિનલ્સ અને ગેમિંગના રૂપિયા ટ્રાન્સફર કરવા માટે વપરાતા બોગસ બેંક એકાઉન્ટની આપ લે કરવા આવેલા ૪ આરોપીઓની વાસણા પોલીસે ધરપકડ કરી છે. રાજસ્થાન અને મુન્દ્રાની આગેંગ whatsapp અને પાર્સલ મારફતે કીટ આપ લે કરતા હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે, ગરીબ લોકોની બેંકની વિગત મેળવી તેમના નામે બેક્ક એકાઉન્ટ ખોલાવી રૂપિયા ટ્રાન્સફર થતું હોવાનું સામે આવ્યું છે. જે મામલે વાસણા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસે કુલ ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો વાસણા પોલીસની કસ્ટડીમાં રહેલા આ ૪ આરોપીઓના નામ યોગેન્દ્ર છીપા, આશુપ્રતાપસિંગ રાઠોડ, મહર્ષિ દવે અને યારુકમિયા શેખ છે. આ ચારેય આરોપીઓ વાસણાની હોટલમાં બે દિવસથી રોકાયા હતા. જેમાં તપાસ કરતા આરોપીઓ પાસેથી અલગ અલગ નામની બેંક અકાઉન્ટની કીટ મળી આવી છે. પોલીસે ૩ ડેબિટ કાર્ડ, ૨ સીમકાર્ડ અને અલગ-અલગ બેંકની ચેકબુક પાસબુક તથા કુલ ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાંથી આશુ પ્રતાપસિંગ રાઠોડ રાજસ્થાનનો રહેવાસી છે અને તે મુન્દ્રામાં રહેતા યોગેન્દ્ર છીપા અને મહર્ષિ દવે સાથે મળી ગરીબોના બેક્ક એકાઉન્ટ ની માહિતી મેળવી ફરાર આરોપી બીપીન મહારાજ ને મોકલતો હોવાનો ખુલાસો થયો છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ કરતા હકીકત સામે આવી કે યોગેન્દ્ર અદાણી પોર્ટમાં એન્જિનિયર તરીકે કામ કરે છે તો અન્ય આરોપી મહર્ષિ દવે મુન્દ્રા ખાતે ટ્રાન્સપોર્ટ કંપનીના નામે ઓફિસ ધરાવે છે. બંને આરોપીઓ ત્યાંના સ્થાનિક લોકોના નામે બેક્ક એકાઉન્ટ ખોલાવી ખાતાધારકને ૮૦૦૦ રૂપિયા આપી તેમની બેંક કીટ અને સીમ કાર્ડ મેળવી લેતા હતા.આવી ૧૨ જેટલી કીટ whatsapp મારફતે બનાસકાંઠાના બીપીન મહારાજને મોકલાવી હોવાનો ખુલાસો થયો છે. જે બદલ આરોપીઓને ૨૦,૦૦૦ રૂપિયા આંગડિયા પેઢી દ્વારા મોકલવામાં આવ્યા હતા. સાથે જ એક કીટના ૪૦૦૦ રુપિયા મેળવતા હતા. જે અંગે પોલીસે વધુ તપાસ શરુ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ કે, આરોપી સાયબર ક્રાઈમમા આ કીટ નો ઉપયોગ કરતા હતા. સાથે જ સરળતા થઈ રુપિયા મેળવવા આ ગુનામા જોડાયા હતા. જેથી પોલીસે આ ગુનાના ફરાર અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે. તો બીજી તરફ કેટલી કીટ મોકલવામાં આવી અને તેનો ઉપયોગ ક્યાં થયો તે અંગે તપાસ શરુ કરી છે.

### અપ્રમાણસર સંપત્તિ કેસ

# આરોપી IRS અધિકારીના અમદાવાદ-ગાંધીનગર સહિત ૧૧ સ્થળોએ દરોડા

(SSS) ગાંધીનગર

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન(CBI) અપ્રમાણસર સંપત્તિ સંબંધિત કેસમાં ૨૦૦૫ બેચના આરોપી IRS અધિકારીના રહેણાંક અને સત્તાવાર પરિસર, જેમાં જયપુર, અમદાવાદ અને ગાંધીનગરના અગિયાર સ્થળોએ તપાસ કરી રહી છે. સીબીઆઈ દ્વારા ૨૦૦૫ બેચના આરોપી આઈઆરએસ અધિકારી અને તેમના પત્ની વિરુદ્ધ અપ્રમાણસર સંપત્તિ મેળવવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપીએ ગેરકાયદે રીતે સંપત્તિ એકત્ર કરી છે અને તેમની પાસે તેમના આવકના સ્ત્રોતો કરતાં વધુ નાણાકીય સંસાધનો હોવાનું જાણવા મળ્યું છે. આઅધિકારી ઉપર એવો પણ આરોપ છે કે આરોપી IRS અધિકારીના પત્નીએ ૧,૩૧,૫૮,૨૯૧.૧૧ રૂપિયા એટલે કે તેમની આવકના જાણીતા અને કાયદેસર સ્ત્રોતોના ૧૫૬.૨૪%ની અપ્રમાણસર સંપત્તિ મેળવવામાં મદદ કરી હતી. વધુમાં એવો પણ આરોપ છે કે આરોપીઓએ જયપુર, અમદાવાદ, ગાંધીનગર અને મુંબઈમાં મિલકતો હસ્તગત કરવામાં ગેરકાયદેસર રીતે કમાયેલા નાણાંનું રોકાણ કર્યું હતું. આ કેસની તપાસના ભાગરૂપે, જયપુર, અમદાવાદ અને ગાંધીનગરમાં આરોપી અને તેના સાથીઓના પરિસર સહિત ૧૧ સ્થળોએ વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીની આ તપાસ દરમિયાન, ગુનાઈત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ હોવાનું જાણવા મળે છે.

### બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટી ખબર

# વિદ્યાર્થીઓને અપાતી પ્રોત્સાહક ઈનામની રકમમાં ૨૦ હજારનો વધારો

(SSS) ગાંધીનગર

રાજ્યમાં ધો. ૧૦ અને ૧૨ બોર્ડનું પરિણામ જાહેર કરાયું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ- SC તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- SEBCનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વિવિધ કક્ષાએ રૂ. ૨૦ હજારનો સુધીનો વધારો કરાયો છે. રાજ્યકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની ઈનામી રકમમાં રૂ. ૨૦ હજારનો વધારો કરાયો. રાજયકક્ષાએ ધોરણ ૧૦-૧૨ના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અપાતી રકમમાં વધારો કરી હવે અનુક્રમે રૂ.૫૧ હજાર, રૂ.૪૧ હજાર અને રૂ.૩૧ હજાર અપાશે. રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ધોરણ ૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના સફળ માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૩ લાખની નવી બાબતને મંજૂરી આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે હેતુથી "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અમલી બનાવાઈ છે. આ યોજના હેઠળ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. તે અંતર્ગત રાજ્યકક્ષાએ ધો. ૧૦ અને ધો. ૧૨માં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહ એમ ચાર પ્રવાહમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામમાં રૂ. ૨૦ હજારનો વધારો કરવામાં આવ્યો છે.

### ધોરણ ૧૦ માં મેળવ્યા ૯૯.૯૯ પર્સન્ટાઈલ

# કલરકામ કરનારા પિતાના દીકરાએ બોર્ડમાં બાજી મારી

## મધ્યમ વર્ગીય પરિવારના દીકરા દીકરીઓ મેદાન મારી રહ્યા છે : સમીરના માતા-પિતાએ પણ ખુશી વ્યક્ત કરી

(SSS) રાજકોટ

રાજકોટના અંબાજી કડવા પ્લોટમાં કલર કામ કરતા પિતાના પુત્ર એ બોર્ડમાં મેદાન માર્યું. સમીર જીતેન્દ્રભાઈ ગોહેલએ ધોરણ ૧૦ માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે. સમીરના પિતા કલર કામ કરે છે. ત્યારે સમીરે પિતાનું નામ રોશન કર્યું છે. મધ્યમ વર્ગીય પરિવારના દીકરા દીકરીઓ મેદાન મારી રહ્યા છે. સમીરના માતા-પિતાએ પણ ખુશી વ્યક્ત કરી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કર્યા બાદ આજે ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. આપણે ત્યાં એક કહેવત છે કે સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાઈ, અત્યારે આ કહેવત શબ્દસઃ સાચી ઠરી છે. રાજકોટ શહેરમાં સાધારણ પરિસ્થિતિમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરનાર સમીર ગોહેલ ધોરણ ૧૦માં ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ પ્રથમ આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં સમીર ગોહિલે જણાવ્યું કે, તેના ૬૦૦ માંથી ૫૯૩ માર્કસ આવ્યા છે. સાયન્સ, સોશિયલ સ્ટડી, ઈંગલિશ તેમજ સંસ્કૃતમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આવ્યા છે. તેમજ મેથ્સમાં ૯૯ માર્કસ આવ્યા છે. મારા પિતા જીતેન્દ્રભાઈ ફર્નિચર કામ તેમજ કલર કામકાજ સાથે સંકળાયેલા છે. મારા માતા પિતાનું સ્વપ્ન હતું કે હું બોર્ડ પ્રથમ આવું. ત્યારે માતા પિતાનું સ્વપ્ન મે આજે સાકાર કર્યું છે. તેમજ આગળ મારે કોમ્પ્યુટર એન્જિનિયર બનવું છે. તેમજ IIT બોમ્બે ખાતે એડમિશન પણ મેળવવું છે. સંસ્કૃત, સાયન્સ, મેથ્સ, સોશિયલ સ્ટડી સહિતના વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ મેળવનારી મુલિયા ક્રિશા પણ બોર્ડમાં ઝળકી છે. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં ક્રિશાએ જણાવ્યું હતું કે, મારા પિતા નિલેશભાઈ વ્યવસ્થાને એડવોકેટ છે. તેમજ મારે ૬૦૦ માંથી ૫૯૨ માર્કસ આવ્યા છે.

### એપ્લિકેશન મારફતે અજાણી યુવતી સાથે સંપર્ક કરવો ભારે પડ્યો

# અમદાવાદીને હોટલમાં યુવતી સાથેની અંગત મુલાકાત દોઢ કરોડમાં પડી

## પોલીસ અધિકારી તરીકેની ઓળખ આપીને યુવક પાસેથી કરોડો રૂપિયા પડાવ્યા

(SSS) અમદાવાદ

કાપડના એક વેપારીને એપ્લિકેશન મારફતે અજાણી યુવતી સાથે સંપર્ક કરવો ભારે પડ્યો છે. દિલ્હીની હોટલમાં યુવતી સાથેની મુલાકાત બાદ આ યુવતીને માર માર્યો હોવાથી પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને પોલીસ અધિકારી તરીકેની ઓળખ આપીને યુવક પાસેથી કરોડો રૂપિયા પડાવ્યાં. જે મામલે ક્રાઈમબ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. શહેરના પાંજરાપોળ ક્રોસ રોડ પર રહેતા અને કાપડનો વેપાર કરતા યુવકનો સંપર્ક એપ્લિકેશન મારફતે એક યુવતી સાથે થયો હતો. યુવતીએ પોતાનું નામ જાનવી જણાવીને યુવક પાસે ફોન નંબર માગ્યો હતો. બાદમાં બંને વોટ્સઅપ પર વાતચીત કરતા હતા. યુવક વેપાર અર્થે દિલ્હી ગયો ત્યારે યુવતી તેને મળવા માટે આવી હતી. જોકે આ સમયે તેણે પોતાનું નામ જાનવીને બદલે બીજું જણાવ્યું હતું. ૧૫થી ૨૦ મિનિટ વાતચીત કર્યા બાદ યુવતી ત્યાંથી જતી રહી હતી. પરંતુ રાત્રીના સમયે જાનવીએ યુવકને મેસેજ કરીને કહ્યું હતું કે હોટલમાં જે યુવતી મળવા માટે આવી હતી તેને તે માર માર્યો છે. તેને લોહી નીકળેલ છે. જે તારા વિરુદ્ધમાં પોલીસ ફરિયાદ કરવા માટે ગુડગાંવ પોલીસ સ્ટેશન જાય છે. બીજા દિવસે કોસલેન્દ્ર કુમારસિંગ નામના વ્યક્તિએ યુવકને ફોન કરીને કહ્યું હતું કે પોતે ડીએલએફ ફેઝ ૧ પોલીસ સ્ટેશન ગુડગાંવથી સબ ઈન્સ્પેક્ટર બોલે છે. તમારા વિરુદ્ધમાં ફરિયાદ આવેલ છે, તમારે પોલીસ સ્ટેશન આવવું પડશે. જેથી યુવક ગુડગાંવ પોલીસ સ્ટેશન ગયો હતો. જ્યાં પોલીસ યુનિફોર્મમાં આવેલ એક વ્યક્તિ તેને પોલીસ સ્ટેશનના પહેલા માળે લઈ ગયેલ. જ્યાં ટેબલ પર કાગળો મૂકીને તારા વિરુદ્ધમાં મહિલાએ હોટલની રૂમમાં બોલાવી માર માર્યો હોવાની ફરિયાદ કરેલ છે. તારી વિરુદ્ધમાં ઘણી બધી કલમો હેઠળ ગુનો દાખલ થશે તેમ કહીને સબ ઈન્સ્પેક્ટર કોસલેન્દ્ર કુમારસિંગ સાથે વાત કરી લેવા જણાવ્યું હતું. બાદમાં તેને પોલીસ સ્ટેશનની બહાર લઈ ગયેલ. જ્યાં એક ચાની કીટલી પર બેસાડી કોસલેન્દ્ર કુમારસિંગએ એક થી બે કલાક ડરાવી અને કેસ ફાઈલ કરવા માટે રૂપિયા ૫ લાખની માંગ કરી હતી. પરંતુ યુવક પાસેથી આટલા બધા રૂપિયા ના હોવાથી રોકડ, પેટીએમ, એટીએમમાંથી કુલ રૂપિયા ૧.૫૦ લાખ પડાવી લીધા હતા. બાદમાં સમાધાન માટે લખાણ લખાવીને યુવકને છોડી મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ કોસલેન્દ્ર કુમારસિંગએ યુવકને અવારનવાર અલગ અલગ બહાના બતાવીને રૂપિયા પડાવતો હતો. જોકે રૂપિયાની માંગ વધતા યુવકએ રૂપિયા આપવાની ના પાડી દીધી હતી. જેથી કોસલેન્દ્રએ યુવકને ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ નિર્ભય કુમારસિંગને કેસ ફાઈલ કરવા માટે રૂપિયા આપવાની વાત કરી હતી. આમ કેસ ફાઈલ કરવા માટે અવારનવાર રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. આમ યુવક પાસેથી અલગ અલગ સમયે કુલ રૂપિયા ૧ કરોડ ૫૯ લાખ ૪૪ હજાર ચૂકવી આપેલ હતા. છતાં કેસ ફાઈલ કરવા માટે રૂપિયાની માંગણી કરીને જેલમાં પૂરી દેવાની ધમકી આપતા સમગ્ર મામલે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના અધિકારીને જાણ કરવામાં આવી હતી. ક્રાઈમબ્રાન્ચ દ્વારા આ બાબતે કોસલેન્દ્ર કુમારસિંગ, જાનવી, નંદીની, નિર્ભયસિંગ, દીપક અને તેના મળતીયાઓ વિરુદ્ધમાં ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.